# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **રાજ્યમાં સમાન નાગરિક સંહિતા-UCCની જરૂરિયાત ચકાસવા' રચાયેલી સમિતિને અત્યાર સુધીમાં 19 લાખથી વધુ સૂચનો મળ્યા.**
2. **ઉત્તમ ખેતી માટે સૌરાષ્ટ્રના ખેડૂતોને હવે 10 કલાક વીજળી અપાશે.**
3. **સ્ટેચ્યુ ઓફ યુનિટીને વધુ પ્રખ્યાત આકર્ષણનું કેન્દ્ર બનાવવા વિવિધ સુવિધા વિકસાવાશે.**
4. **આજે રાષ્ટ્રીય હાથવણાટ દિવસની ઉજવણી - રાજ્યમાં ગયા વર્ષે 290 કરોડથી વધુના વિક્રમજનક હાથશાળ ઉત્પાદનોનું વેચાણ.**
5. **આંતર જિલ્લા મહિલા ફૂટબોલ સ્પર્ધામાં ખેડા, પાટણ અને ભાવનગરની ટીમોનો વિજય.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# RUSHIKESH UCC

રાજ્યમાં સમાન નાગરિક સંહિતા- UCCની જરૂરિયાત ચકાસવા રચાયેલી સમિતિને અત્યાર સુધીમાં 19 લાખથી વધુ સૂચનો મળ્યા છે. આ સમિતિએ મંગળવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી હતી અને યુસીસી પર થયેલી પ્રગતિ વિશે માહિતી આપી હતી. આ અંગે વધુ માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું આ સમિતિએ નાગરિકો અને સંગઠનો અને અન્ય સંસ્થાઓના આગેવાનો પાસેથી અભિપ્રાય મેળવ્યા હતા.

**(બાઇટ: ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી)**

---

# RUSHIKESH SAURASHTRA

સૌરાષ્ટ્રના ખેડૂતોને હવે 10 કલાક વીજળી અપાશે. ગાંધીનગરમાં ગઇકાલે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

આ અંગે વધુ માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ હતું કે સૌરાષ્ટ્રના જામનગર , દેવભૂમિ દ્વારકા , પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, અમરેલી, ભાવનગર, બોટાદ, જૂનાગઢ અને ગીર સોમનાથ એમ કુલ 11 જિલ્લામાં 8 કલાકને બદલે હવે 10 કલાક કૃષિ વિષયક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવશે.

રાજ્યની અનુદાનિત સંસ્થાઓમાં ફિક્સ પગારના કર્મચારીઓની રજા અંગે લેવાયેલા નિર્ણય અંગે પણ શ્રી પટેલે માહિતી આપી.

# (બાઇટ: ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી)

---

## CM MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટની 6ઠ્ઠી વહીવટી મંડળની બેઠક યોજાઇ.

આ બેઠકમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી- SOUને વધુ પ્રવાસન આકર્ષણનું કેન્દ્ર બનાવવા SOU પાસેના ડુંગરો પર ટ્રેકિંગ ટ્રેલ, વોક-વે, હોસ્પિટાલિટી તથા પ્રવેશદ્વાર પાસે સરદાર સરોવર ડેમની પ્રતિકૃતિ મૂકવા સહિતના આયોજનો અંગે વિસ્તૃત ચર્ચા થઈ.

આ ઉપરાંત સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિભાવ અને જાળવણી માટે આગામી દિવસોમાં ઇનહાઉસ કેપેસિટી વિકસિત કરાશે.

---

## SANSKRIT WEEK

રાજ્યભરમાં ગઈકાલથી સંસ્કૃત સપ્તાહની ઉજવણીનો પ્રારંભ થયો છે . જે અંતર્ગત વિવિધ જિલ્લામાં ગઇકાલે સંસ્કૃત ગૌરવયાત્રા યોજાઇ હતી. પંચમહાલના ગોધરા ખાતે રેલીનું આયોજન કરાયું હતું.

રાજકોટમાં ન્યૂ એરા સ્કૂલથી જિલ્લા પંચાયત ચોક સુધી સંસ્કૃત ગૌરવ પદયાત્રા યોજાઇ હતી . જેમાં 35 શાળાના આશરે એક હજાર સાતસો વિદ્યાર્થીઓ જોડાયા હતા.

અમદાવાદમાં યોજાયેલી સંસ્કૃત ગૌરવ યાત્રામાં શાળાના વિદ્યાર્થીઓ પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને ભવ્ય વારસાને ઉજાગર કરતી સાંસ્કૃતિક વેશભૂષા સાથે જોડાયા હતા.

નર્મદાના રાજપીપલામાં બિરસામુંડા ચોકથી સંસ્કૃત ગૌરવ યાત્રાને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવાયુ હતું.

---

# NATIONAL HANDLOOM DAY

દેશની વૈભવી હાથશાળ પરંપરા અને વણકરોની કારીગરીને સન્માન આપવા દેશભરમાં આજે રાષ્ટ્રીય હાથવણાટ દિવસ દિવસની ઉજવણી કરવામાં આવે છે. રાજયમાં હાથશાળ સહકારી મંડળીઓ માટે સરકારની નવી નવી યોજનાઓથી વણકરોની જીવનશૈલીમાં ક્રાંતિ આવી છે.

સાંભળીએ એક અહેવાલ

## (વોઈસ કાસ્ટ – જયેશ પટેલ)

*ગુજરાતના તમામ ખૂણે આજે હાથશાળના વણકરો પોતાની પરંપરા અને શ્રમથી નવી ઉંચાઈ સર કરી રહ્યાં છે. વર્ષ 2024-25 માં 246 થી વધુ સહકારી મંડળીઓ દ્વારા રૂ. 290 કરોડથી વધુના હાથશાળ ઉત્પાદનોનું વેચાણ થયું છે જે તેમની સફળતાનો પુરાવો છે. ગુજરાત સરકારે પેકેજ સ્કીમ હેઠળ હેન્ડલૂમ સહકારી મંડળીઓને 5% અને મહિલા મંડળીઓને 15% સુધીની વેચાણ પર સહાય આપી છે. વણકરોને ગુણવત્તાયુક્ત સૂતર મળી રહે એ માટે મીલ ગેટ પ્રાઇસ સ્કીમ હેઠળ 15% સબસીડી આપવામાં આવે છે. વિવિધ પ્રદર્શનો, ઈ-કોમર્સ અને 'ગરવી-ગુર્જરી' જેવા બ્રાન્ડ્સથી ગુજરાતના હાથશાળ ઉત્પાદનો દેશ–વિદેશ સુધી પહોંચવામાં સફળ રહ્યા છે*

*જયેશ પટેલ, પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ*

---

# BANASKANTHA ORGAN DONATION

રાજ્યભરમાં અંગદાન અંગેની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા સફળ કામગીરી થઈ રહી છે તેના હકારાત્મક પરિણામ રૂપે બનાસ મેડિકલ કોલેજ સંચાલિત પાલનપુરની જનરલ હોસ્પિટલમાં ગઇકાલે પ્રથમ અંગદાન થયું છે.

બનાસ મેડિકલ કોલેજના ચેરમેન પી.જે.ચૌધરીએ જણાવ્યું કે ,જનરલ હોસ્પિટના તબીબોના પ્રયાસોથી 44 વર્ષીય કાંતિભાઈ ઠક્કરની કિડની ,લીવર અને આંખોનું સફળ અંગદાન થયું છે જેનાથી ત્રણ દર્દીઓને નવી જિંદગી મળશે.

**(બાઇટ- પી.જે.ચૌધરી, ચેરમેન)**

---

# AMC- MEETING

પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં અમદાવાદનાં રિવરફ્રન્ટ હાઉસ ખાતે મહાનગરપાલિકાના વિવિધ વિકાસલક્ષી કામોની સમીક્ષા બેઠક યોજાઇ.જેમાં પ્રગતિ હેઠળના અને આગામી સમયમાં હાથ ધરાનારા વિકાસ કાર્યો અંગે વિસ્તૃત ચર્ચા કરાઇ હતી.

આ ઉપરાંત નવી ઇલેક્ટ્રિક AMTS બસો ચલાવવા , સાબરમતી રિવરફ્રન્ટ , અશાંત ધારા યોજના અંગે પણ ચર્ચા કરાઈ હતી.

---

# WEATHER FORECAST

**રાજયમાં આજે ઉત્તર, દક્ષિણ, મધ્ય અને સૌરાષ્ટ્ર–કચ્છના કેટલાક જિલ્લામાં હળવા વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે રાજ્યમાં આગામી 13 ઑગસ્ટ સુધી સામાન્ય વરસાદની આગાહી કરી છે.**

**બીજી તરફ રાજ્યમાં વરસાદનું જોર ઘટતાં ગઇકાલે માત્ર 27 તાલુકામાં હળવો વરસાદ થયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 64 ટકા વરસાદ નોંધાયો છે. અત્યાર સુધી પડેલા વરસાદને પગલે રાજ્યના 51 જળાશય હાઇએલર્ટ પર છે.**

---

# WATER SOURCES-ARVALLI

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં        વરસાદને લઈને જળાશયોની સપાટીમાં વધારો થયો છે.   હરણાવ જળાશયમાં સૌથી વધુ ૭૮ ટકા  , હાથમતી જળાશયમાં ૭૨ ટકા, ગુહાઈમાં ૬૧ ટકા, ખેડવામાં ૫૭ ટકા, ગોરઠીયામા ૨૬ ટકા તો જવાનપુરામાં ૬ ટકા પાણીની આવક નોંધાઈ છે. પાણીની આવકને લઈ ખેડુતોમાં પણ ખુશી જોવા મળી છે.

સિંચાઇ વિભાગના નાયબ કાર્યપાલક મિલન સુથારે જણાવ્યું છે કે મોટાભાગના જળાશયો આ વર્ષે 70 થી 100 ટકા ભરાઇ જવાની શક્યતા છે.

**(બાઈટ- મિલન સુથાર, નાયબ કાર્યપાલક ઈજનેર, સિંચાઈ)**

---

# FOOTBALL TOURNAMENT

ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત આંતર જિલ્લા મહિલા ફૂટબોલ સ્પર્ધામાં આજે રાજકોટ અને સુરત, પાટણ અને વલસાડ તથા ગાંધીનગર અને ભાવનગર વચ્ચે તેમજ જામનગર અને અમદાવાદ વચ્ચે મેચ રમાશે.

ગઇકાલે રમાયેલી પ્રથમ મેચમાં ખેડાની ટીમે રાજકોટની ટીમને 14-0 થી મ્હાત આપી. બીજી મેચમાં પાટણે એક તરફી વિજય મેળવતા બનાસકાંઠાને 19-0 થી હરાવ્યું. જ્યારે ત્રીજા મુકાબલામાં ગાંધીનગર અને કચ્છ વચ્ચેની મેચ 1-1 થી ડ્રૉ થઈ હતી. અન્ય એક મેચમાં ભાવનગરે વડોદરાને 9-0થી મ્હાત આપી.

---

# TRAIN TIMING CHANGE – VADODARA

પશ્ચિમ રેલવેએ મુસાફરોની સુવિધા માટે વડોદરા મંડળથી પસાર થતી કેટલીક ટ્રેનોની ગતિ વધારી છે. આ ફેરફારને કારણે, ટ્રેનોના સમયમાં સુધારો કરાયો છે.જે અંતર્ગત વડોદરાથી પસાર થતી ટ્રેનો તેના નિર્ધારિત સમયથી વહેલી ઉપડશે. ટ્રેનોના પ્રસ્થાન અને અન્ય વિગતો રેલવેની વેબસાઇટ પરથી મેળવી શકાશે.

---

# JAMANAGAR- JOGVAD KOLERA

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાનું જોગવડ ગામ કોલેરા રોગગ્રસ્ત જાહેર કરાયું છે. આ ગામમાંથી કોલેરાના પોઝિટિવ કેસ નોંધાયા છે. જેથી રોગનો ફેલાવો અટકાવવા આ વિસ્તારને કોલેરા રોગગ્રસ્ત અને તેની આસપાસનો 2 કિલોમીટરનો વિસ્તાર કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર જાહેર કરાયો છે.

આ અંગે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

---